# અપમાનનો બદલો લેવા ભાજપને મત આપો : અમિત શાહ

મુઝફ્ફરનગર,તા.૫

ભાજપના જનરલ સેક્રેટરી અને વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના સૌથી વિશ્વાસુ પૈકીના એક અમિત શાહે એમ કહીને ભારે વિવાદ છેડી દીધો છે કે, જો અપમાનનો બદલો લેવા માંગો છો તો ભાજપને મત આપો. અમિત શાહના આ નિવેદનથી ભાજપમાં પણ સોપોં પડી ગયો છે. અમિત શાહ પોતે પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સાંપ્રદાયિક હિંસા સાથે પ્રભાવિત પશ્ચિમ ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં જાટ સમુદાયના લોકોને બદલો લેવા માટે ભાજપને મત આપવાની અપીલથી શાહ મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે.

ભાજપના મહાસચિવ અને નરેન્દ્ર મોદીના સૌથી વિશ્વાસુ અમિત શાહ ઉત્તર પ્રદેશમાં પક્ષની સ્થિતિને વધુને વધુ મજબૂત કરવામાં લાગેલા છે. હવે અમિત શાહે ગુર્જર, રાજપૂત સમુદાયના લોકો સાથે વાતચીત કરી હતી અને અપમાનનો બદલો લેવાની વાત પણ કરી હતી. મુજફ્ફરનગરથી ૪૦ કિલોમીટરના અંતરે રાઝર ગામમાં પહોંચ્યા ત્યારે ભારે ઉત્સુકતા રહી હતી. અમિત શાહે ગામમાં રહેલા જાટ નેતાઓ સાથે વાતચીત કરી હતી અને ઉશ્કેરણીજનક ભાષણ આપીને તમામને ચોંકાવી દીધા હતા. અમિત શાહની સાથે ભાજપના ધારાસભ્ય સુરેશ રાણા પણ રહ્યા હતા. રાણા ઉપર આક્ષેપ છે કે તેઓએ રમખાણો દરમિયાન લોકોને ઉશ્કેરવાનું કામ કર્યું હતું. અમિત શાહે કહ્યું હતું કે આ ચૂંટણી એવી સરકારને બહાર કરવાની એક તક છે જે સરકારે જાટ સમુદાયના લોકોને અત્યાચારનો શિકાર



બનાવ્યા છે. શાહે બદલો લેવા અને ઈજ્જતના રક્ષણની વાત કરી હતી. આ ગામ રાજકીય રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે અહીં બત્તીસા ખાપનું વર્ચસ્વ છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશના શેરડીના પટ્ટામાં જાટ સમુદાયનું વર્ચસ્વ રહેલું છે. અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ મુજફ્ફરનગરમાં મોટાભાગના લોકોને એવી જાણ ન હતી કે અમિત શાહ આવી પહોંચ્યા છે. અમિત શાહ મોટાભાગે પોતાની યાત્રા દરમિયાન દૂર વિસ્તારમાં પોતાની જગ્યા બનાવે છે. અહીં પણ મેઈન રસ્તાના બદલે ઓછી ભીડભાડવાળા વિસ્તારમાં રોકાણ કર્યું હતું. અમિત શાહ અંગે માત્ર ગુજરાત પોલીસને માહિતી હતી. તેઓએ ગઈકાલે મોડી રાત્રે મુજફ્ફરનગરથી દૂર રહીને રહ્યા હતા. અમિત શાહે ગુર્જલ, રાજપૂત અને દલીત નેતાઓ સાથે વાતચીત કરી હતી. અહીં પણ તેઓએ બદલાની વાત કરી હતી. શાહે કહ્યું હતું કે સામાન્ય વ્યક્તિ ભોજન અને ઉંઘ વગર જીવી શકે છે પરંતુ અપમાન શહીને જીવી શકે નહીં. અપમાનનો બદલો લેવો જરૂરી છે. અમિત શાહ ઉત્તાર પ્રદેશમાં ભાજપના ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરી રહ્યા છે. અમિત શાહની ભૂમિકા ભાજપને મજબૂત સ્થિતિમાં મૂકવા મહત્વની રહી છે.અમિત શાહે કહ્યું હતું કે ગુજરાતમાં કોઈની પણ હિંમત નથી કે તે રમખાણ કરાવી શકે. કારણ કે ત્યાં નરેન્દ્ર મોદીની સરકાર છે. અમિત શાહે રાજપૂત સમુદાય સાથે પણ વાતચીત કરી હતી.

# કોંગ્રેસે હંમેશા આમ આદમી માટે લડત ચલાવી : સોનિયા

ભુવનેશ્વર,તા.૫

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે પણ આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો હતો. સોનિયા ગાંધીએ આજે જમીન સુધારા અને મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવીને બીજેડીની ઝાટકણી કાઢી હતી. ઓરિસ્સાના ખારીયાર નુવાપાડા જિલ્લામાં એક રેલીને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કોઈપણ પુરાવા વગર ભાજપના લોકો દ્વારા બિનજરૂરી આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીએ હંમેશા આમ આદમી પાર્ટી માટે લડત ચલાવી છે. ખાસ કરીને દલીતો, ગરીબ, આદિવાસીઓ અને પછાત જાતિઓ માટે કોંગ્રેસની લડાઈ રહી છે. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલી રકમનો ઓરિસ્સામાં બીજુ જનતાદળ



સરકાર દ્વારા યોગ્યરીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી. ગરીબોના મુદ્દા ઉપર લડત ચલાવવાની સોનિયા ગાંધીએ વાત કરી હતી. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા ઉપર પ્રકાશ ફેંકતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, અમે વચન આપ્યું છે કે, દરેક વ્યક્તિને મફતમાં આરોગ્યની સુવિધાઓ, દવાઓ અને સારવાર હોસ્પિટલમાં મળશે. ગાંધીએ ઉમેર્યું હતું કે, કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં લોકોના વિકાસ માટે કામ કર્યું છે. મનમોહનસિંહ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ઉલ્લેખનીય કામગીરી અદા કરી છે. જેના પરિણામ સ્વરુપે દેશના ગરીબ લોકોની સ્થિતિમાં સુધાર થયો છે. સોનિયા ગાંધી છેલ્લા ઘણા દિવસથી આક્રમક ચૂંટણી પ્રચા કરી રહ્યા છે. ઓરિસ્સામાં રેલીને સંબોધતા સોનિયા ગાંધીએ સંવેદનશીલ મુદ્દા ઉઠાવ્યા હતા અને ભાજપ ઉપર પણ પ્રહારો કર્યા હતા.

**ઉત્તરપ્રદેશમાં ખાસ વ્યવસ્થા કરાઈ**

# ૪૦ મતદાન મથકો પર લાઈવ વેબકાસ્ટિંગ થશે

લખનૌ,તા. ૫

ઉત્તરપ્રદેશમાં ૪૦ અતિ સંવેદનશીલ મતદાન મથકો ઉપર લાઇવ વેબકાસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. એક વરિષ્ઠ અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. તમામ જિલ્લાઓમાં સહાયક રિટર્નિંગ ઓફિસર હેઠળ એક ટેકનિકલ ટીમ ગોઠવવામાં આવશે. ચીફ ઈલેક્ટ્રોરલ ઓફિસર ઉમેશ સિંહાએ માહિતી આપતા કહ્યું છે કે, લાઈવ વેબકાસ્ટિંગ માટે ૪૦ અતિ સંવેદનશીલ મતદાન મથકોની પસંદગી કરવામાં આવી છે જે પૈકી ૨૦ શહેરી અને ૨૦ ગ્રામીણ મતદાન મથકો રહેશે. વેબકાસ્ટર દ્વારા મતદાનના એક સપ્તાહ પહેલા તાલીમ આપવામાં આવશે. આ સંદર્ભમાં માર્ગદર્શિકા ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવશે. વેબ કનેક્ટિવીટી ૪૦ મતદાન મથકોમાં રહેશે. ચૂંટણીના ત્રણ દિવસ પહેલા આ તમામ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવશે. ટેસ્ટ રનની પ્રક્રિયા ચાલી રહી છે. મતદાન મથકોમાં લાઈવ વેબકાસ્ટિંગ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયાનું રેકોર્ડિંગ પણ કરવામાં આવશે. આ રેકોર્ડિંગની ડીવીડી બનાવવામાં આવશે અને તેને રેકોર્ડ માટે રાખવામાં આવશે. મતદાનના સંદર્ભમાં કોઈપણ ફરિયાદના કેસમાં આનો ઉપયોગ કરવામાં આવશે. ઉત્તરપ્રદેશમાં લોકસભાની ચૂંટણીની સૌથી વધારે બેઠકો છે. આવી સ્થિતિમાં શાંતિપૂર્ણ મતદાન કરવાની ખાતરીપૂર્ણ બાબત મહત્વની રહેશે.

# કિરાણા સ્ટોર-સુપર માર્કેટમાં ગેસ સિલિન્ડર ઉપલબ્ધ હશે

નવી દિલ્હી,તા.૫

એલપીજી સિલિન્ડર એકાએક ખતમ થઈ જવાની સ્થિતિમાં સામાન્ય લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ સ્થિતિને હળવી કરવા માટે હાલમાં કેટલાક પગલાં લેવામાં આવ્યા છે. હવે દેશમાં સૌથી મોટા ફ્યુઅલ રિટેલર ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને કસ્ટમરોના નેટવર્કને વધારવાના હેતુસર તથા લોકોને સરળતાથી ગેસ મળી રહે તે ઈરાદાથી પાંચ શહેરોમાં કિરાણા સ્ટોર અને સુપર માર્કેટ મારફતે પાંચ કિલોના ગેસ સિલિન્ડરના વેચાણની શરૂઆત કરી દીધી છે. હાલમાં ઈન્ડિયન ઓઈલ દ્વારા બ્લુ સિલિન્ડર તરીકે ઓળખાતા ગેસના સિલિન્ડર વેચવામાં આવે છે. કિરાણા સ્ટોર અને સુપર માર્કેટમાં આ પાંચ કિલોના ગેસસિલિન્ડરનું વેચાણ હાલમાં બેંગ્લોર, ચેન્નાઈ, ગોરખપુર, લખનઉ અને અલીગઢમાં ચાલી રહ્યું છે. આ શહેરોમાં ૧૧ કિરાણા સ્ટોર્સ દ્વારા ગેસ સિલિન્ડરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. નજીકના ભવિષ્યમાં ૫૦ વધુ શહેરોમાં આનું વેચાણ હાથ ધરવામાં આવશે. નવી માર્કેટ વ્યૂહરચનાના ભાગરૂપે પસંદગીના પેટ્રોલ પંપ ઉપર પણ પાંચ કિલોના ગેસ સિલિન્ડરનું વેચાણ કરવાની હિલચાલ ચાલી રહી છે. કિરાણા સ્ટોર અને સુપર માર્કેટ ગેસ સિલિન્ડર મળી શકે તેવી બિલકુલ યોગ્ય જગ્યા છે. બહારથી આવેલા લોકો, વિદ્યાર્થીઓ, ઈન્ફોટેક પ્રોફેશનલો, કોલ સેન્ટરના કર્મચારીઓ અને વધુ કલાક સુધી કામ કરતા લોકો માટે આનાથી ફાયદો થઈ શકે છે. માત્ર આઈડી પ્રુફ રજૂ કરીને ગેસ સિલિન્ડર નજીકની દુકાનમાંથી લઈ શકાશે. આ સ્કીમ હેઠળ પ્રથમ વખતના ગ્રાહકોને સિલિન્ડર અને રેગ્યુલેટરની કિંમત ચૂકવવી પડશે. આ ઉપરાંત વહીવટી ચાર્જ પણ ચૂકવવો પડશે. પાંચ કિલોના સિલિન્ડરની કિંમત ૧૬૦૦થી ૧૭૦૦માં પડશે. ત્યારબાદ માત્ર પ્રોડક્ટનો ખર્ચ ચૂકવવો પડશે. ઈન્ડિયન ઓઈલ માર્કેટિંગ ૫૨ આઉટલેકથી પાંચ કિલોના સિલિન્ડર વેચાનાર છે. આગામી દિવસોમાં આનાથી સામાન્ય લોકોને મોટી રાહત થઈ શકે છે. કારણ કે ગેસ સિલિન્ડર ખૂટી પડવાની સ્થિતિમાં ભારે તકલીફ ઊભી થઈ જાય છે.

# કોંગ્રેસ વોરરૂમની જવાબદારી પ્રિયંકા ગાંધીએ સંભાળી લીધી

નવી દિલ્હી,તા.૫

માતા સોનિયા ગાંધી અને ભાઈ રાહુલ ગાંધીના ચૂંટણી મત વિસ્તાર સુધી પોતાને મર્યાદિત રાખનાર ગાંધી પરિવારની ત્રીજી મુખ્ય સભ્ય પ્રિયંકા ગાંધી ચૂંટણી આવતાની સાથે જ વારંવાર સક્રિય થઈ જાય છે. હવે ફરી એકવાર પ્રિયંકા ગાંધીએ મોટી જવાબદારી સંભાળી લીધી છે. પ્રિયંકા ગાંધીએ વોરરૂમની જવાબદારી સંભાળી લીધી છે.

પ્રિયંકાએ એકબાજુ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના ચૂંટણી કાર્યક્રમો નક્કી કરવાની જવાબદારી ઉપાડી લીધી છે. બીજી બાજુ પાર્ટીના ચૂંટણી પ્રચારને લઈને ચૂંટણી મેનેજમેન્ટની યોજનાઓમાં પણ દરમિયાનગિરી કરી રહી છે. પ્રિયંકાની સક્રિય ભૂમિકાને ધ્યાનમાં લઈને કોંગ્રેસના વોરરૂમને બદલવાની જાહેરાત કરી દેવામાં આવી છે. પ્રિયંકા ચૂંટણી પ્રચાર, મીડિયા પ્લાનીંગ, ચૂંટણી કાર્યક્રમ અને અન્ય તમામ મુદ્દાઓ પર બાજર નજર રાખી રહી છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના તે સંપર્કમાં છે. આ ઉપરાંત પક્ષના અનેક નેતાઓ સાથે પણ મીટિંગોના દોર યોજી રહી છે. પ્રિયંકાની સક્રિયતાના અહેવાલ પહેલાંથી જ આવી રહ્યા છે.

**ગાંધી હત્યા...(પાના નં.૪નું ચાલું...)**

(પાના નં.૪નું ચાલું...)

પટેલના ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના પત્રના અધકચરા અંશોનો સહારો લેવામાં આવે છે, પરંતુ સરદારે જ ૧૮ જુલાઈ ૧૯૪૮ના રોજ પોતાના સાથી-પ્રધાન ડો. શ્યામાપ્રસાદ મુખરજીના ૧૭ જુલાઈ ૧૯૪૮ના પત્રના ઉત્તરમાં લખેલા પત્ર ભણી આંખ આડા કાન કરવામાં આવે છે.

સરદાર ૧૮ જુલાઈ ૧૯૪૮ના પત્રમાં નોંધે છે : "આર.એસ.એસ. અને હિંદુ મહાસભાની બાબતમાં કહેવાનું કે ગાંધીજીના ખૂનનો કેસ હજુ અદાલતમાં છે એટલે આ બે સંસ્થાઓએ તેમાં ભાગ લીધેલો કે નહીં તે વિશે હું કાંઈ કહેવા ઇચ્છતો નથી. પણ અમારા અહેવાલો એટલી વાતનું તો સમર્થ કરે જ છે કે આ બે સંસ્થાઓની , અને ખાસ કરીને આર.એસ.એસ.ની પ્રવૃત્તિઓના પરિણામે દેશમાં એક એવું વાતાવરણ ઉત્પન્ન થુયં હતું જેમાં આવો ત્રાસ છૂટે તેવો કરુણ બનાવ શક્ય બન્યો. મારા મનમાં જરાયે શંકા નથી કે હિંદુ મહાસભાનો અંતિમવાદી વિભાગ આ કાવતરામાં સંડોવાયેલો હતો. આર.એસ.એસ.ની પ્રવૃત્તિઓ સરકાર અને રાજ્યના અસ્તિત્વને જ સ્પષ્ટ જોખમરૂપ હતી. અમારા અહેવાલો બતાવે છે કે આ પ્રવૃત્તિઓ પ્રતિબંધ હોવા છતાં બંધ થઈ ગઈ નથી. ખરેખર તો વખત જાય છે તેમ, આર.એસ.એસ.નાં વર્તુળો વધુ અવજ્ઞા કરતાં જાય છે અને તેમની વિદ્રોહી પ્રવૃત્તિઓમાં વધુ ને વધુ રમમાણ બનતાં જાય છે."

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પરનો પ્રતિબંધ ગૃહમંત્રી તરીકે સરદારે જ લાધો હતો અને એ ઊઠાવી લેવા માટે એમણે ઘણી કડક શરતો લાદી હતી, એ વાત રખે ભૂલાય. સરદાર 'હિંદુ રાષ્ટ્ર'ને ગાંડાઓનો ખ્યાલ ગણતા હતા.

સરદાર પટેલે ગાંધીજીની હત્યાની સાંજે દેશવાસીઓ જોગ સંદેશમાં કહેલા શબ્દોનું આજના શાસકોએ પણ સ્મરણ કરવા જેવું છે. 'આજનો પ્રસંગ દુઃખનો છે, ગુસ્સાનો નહીં. ગુસ્સો તો ગાંધીજીના આયખાના મહાન બોધને વીસારે પાડે છે. એમના જીવતેજીવ તો આપણે એમની સલાહ માની નહીં અને હવે રખેને એવું કહેવાય કે તેમના મૃત્યુ પછીય એમની વાતને અનુસરવાનું ચૂક્યા. આવી વાત તો આપણા કપાળે કાળી ટીલી સમાન લેખાશે.' મહાત્માની ચીરવિદાયનાં ૬૬ વર્ષ પછી પણ એમનો સત્ય અને અહિંસાનો સંદેશ સૌથી વધુ પ્રસ્તુત છે.

*(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, મો. ૯૮૯૮૫૪૩૮૮૧)*

# ભાજપના નેતૃત્વમાં એનડીએને ૨૫૯ બેઠકો : સર્વે

નવી દિલ્હી,તા. ૫

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં નવી સરકારની આશા ઉજળી બની છે. ટીવી ચેનલો માટે કરવામાં આવેલા બે જુદા જુદા પોલમાં હવે દાવો કરવામાં આવ્યો છે કે ભાજપના નેતૃત્વમાં એનડીએ લોકસભામાં બહુમતીના આંકડાની નજીક પહોંચી શકે છે. એક પોલમાં ભાજપ અને તેના સાથી પક્ષોને ૨૫૯ બેઠકો આપવામાં આવી રહી છે જે બહુમતી માટેના ૨૭૨ના જરૂરી આંકડાથી માત્ર ૧૩ બેઠકો ઓછી છે. જ્યારે અન્યમાં ભાજપના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને ૨૩૪-૨૪૬ બેઠકો આપવામાં આવી રહી છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ ૧૬મી લોકસભામાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી શકે છે. એનડી ટીવી અને સીએનએન-આઈબીએનના પોલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. બંને પોલમાં ચાવીરૂપ અંતર એ છે કે બંનેમાં એનડીએને મજબૂત દર્શાવવામાં આવી છે. ચૂંટણી નજીક આવી રહી છે તે રીતે ભાજપની લોકપ્રિયતા વધી રહી છે. એનડી ટીવીના ફેબ્રુઆરીમાં કરવામાં આવેલા સર્વેમાં ભાજપને ૧૯૫ બેઠકો મળવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો જ્યારે માર્ચ મહિનામાં આ ચિત્ર બદલાઈ ૨૧૪ સુધી પહોંચી ગયું છે. એનડી ટીવીના સર્વેમાં ભાજપના નેતૃત્વમાં એનડીએને ૨૫૯ બેઠકો આપવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં શાનદાર દેખાવ સાથે ટીએમસી સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી શકે છે. જુદા જુદા રાજ્યોમાં ચૂંટણી ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે જે મુંજબ મોટાભાગના રાજ્યમાં જોરદાર દેખાવ કરવાની તૈયારીમાં છે. કોંગ્રેસની હાલત ખૂબ કફોડી થઈ શકે છે. સર્વે મુજબ તેની સ્થિતિ સૌથી નબળી રહેવાની શક્યતા છે. અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ભાજપે ૧૯૯૯માં ૧૮૨ બેઠક જીતીને સૌથી શાનદાર દેખાવ કર્યો હતો. ઉત્તર પ્રદેશમાં ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી શકે છે. અહીં ભાજપ ૫૩ બેઠકો ઉપર સકંજો જમાવી શકે છે જે ૨૦૦૯ની સરખામણીમાં ૪૩ બેઠકો વધારે છે. હિંદી હાર્ટલેન્ડમાં ભાજપની સામે તમામ પક્ષો ખૂબ નબળા દેખાઈ રહ્યા છે. ભાજપના શાનદાર દેખાવની શક્યતા બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાની કેન્દ્રમાં સરકારની રચનામાં કોઈ જરૂર પડે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

# ચિદમ્બરમ્ સ્પર્ધામાંથી હટી જતાં કોંગી નાખુશ

નવી દિલ્હી,તા.૫

કેન્દ્રીય નાણાંપ્રધાન પી ચિદમ્બરમ્ લોકસભાની ચૂંટણીમાં સ્પર્ધામાંથી ખસી જતાં કોંગ્રેસમાં નારાજગીનું મોજું ફળી વળ્યું છે. ચિદમ્બરમ્‌ને લઈને કોંગ્રેસ સૌથી વધારે નાખુશ છે. શિવગંગા મત વિસ્તારમાંથી ચૂંટણી નહીં લડવાનો ચિદમ્બરમ્ નિર્ણય કર્યા બાદથી કોંગ્રેસના ટોચના નેતાઓ ખૂબ જ નાખુશ છે અને આ લોકો માને છે કે ચિદમ્બરમ્‌ના ઈન્કારથી એવી છાપ ઊભી થઈ છે કે કોંગ્રેસના નેતાઓ હારના ભયથી ભાગી રહ્યા છે. રાજકીય હરીફો તેમના ઉપર આક્ષેપ કરી રહ્યા છે. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે પક્ષની લીડરશીપ ઈચ્છે છે કે ચિદમ્બરમ્ ચૂંટણી લડીને બિનજરૂરી વિવાદને શાંત પાડે. ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી પણ ચિદમ્બરમ્ ઉપર પ્રહાર કરી ચૂક્યા છે. ચિદમ્બરમ્ આ વખતે તેમના પુત્રને ચૂંટણી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે.

# ભારત અને શ્રીલંકાની વચ્ચે આજે ફાઈનલ જંગ ખેલાશે

ઢાકા,તા.૫

ઢાકામાં ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલે રવિવારના દિવસે આઈસીસી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ કપની ફાઈનલ મેચ રમાનાર છે. વિરાટ કોહલી સહિત ભારતીય બેટ્સમેનોના ફોર્મને જોતા ટીમ ઈન્ડિયા હોટ ફેવરિટ સાથે મેદાનમાં ઉતરશે. જો કે શ્રીલંકા પણ ઉલટફેર કરવાની સ્થિતિમાં દેખાઈ રહી છે જેથી આ મેચ અતિ રોમાંચક બની રહે તેવી શક્યતા છે.



ભારતીય ક્રિકેટ ટીમના તમામ ખેલાડીઓ સારા ફોર્મમાં છે. બીજી સેમિફાઈનલ મેચમાં ભારતીય બેટ્સમેનોએ તેમની કુશળતા દર્શાવીને આ બાબત પુરવાર કરી હતી. ટીમ ઈન્ડિયામાં કોઈ મોટા ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. બેટિંગ ક્રમમાં ફેરફાર કરવામાં આવી શકે છે. યુવરાજસિંહને ચોથા ક્રમ ઉપર બેટિંગ કરવા માટે મોકલવામાં આવ્યા બાદ ફાઈનલ મેચમાં તે સુરેશ રૈના બાદ બેટિંગ કરે તેવી શક્યતા છે. સુરેશ રૈના પણ ખૂબ સારા ફોર્મમાં દેખાઈ રહ્યો છે. આ ઉપરાંત ધોનીની બેટિંગ હજુ સુધી મોટાભાગની મેચોમાં આવી શકી નથી. શિખર ધવનને પડતો મૂકવામાં આવ્યા બાદ તેને ફાઈનલ જેવી મહત્વની મેચમાં તક મળે છે કે કેમ તે મહત્વપૂર્ણ બાબત રહેશે. ઓપનીંગ બેટ્સમેન તરીકે રહાણે ટૂંકી પરંતુ મહત્વની બેટિંગ કરી રહ્યો છે. રહાણેએ આફ્રિકા સામેની મેચમાં ૩૦ બોલમાં ઝડપથી ૩૨ રન બનાવ્યા હતા. બીજી બાજુ શ્રીલંકન ટીમ પાસેથી પણ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. શ્રીલંકાની ટીમે પ્રથમ સેમિફાઈનલ મેચમાં વિન્ડીઝ ઉપર ડકવર્થ લુઈસ પદ્ધતિના આધારે ૨૭ રને જીત મેળવી હતી. શ્રીલંકાના બેટ્સમેનોમાં સંગાકારા સારા ફોર્મમાં દેખાઈ રહ્યો છે. જયવર્ધને પણ ફાઈનલ જેવી મેચમાં ધરખમ દેખાવ કરી શકે છે. આ ઉપરાંત દિલસાન પાસેથી પણ લાંબી ઈનિંગ્સ રમી શકે છે. આ ફાઈનલ મેચનું પ્રસારણ સાંજે ૬.૩૦ વાગ્યાથી કરવામાં આવશે. ટીમ ઈન્ડિયા નીચે મુજબ છે. ભારતીય ટીમ : રોહિત શર્મા, રહાણે, કોહલી, યુવરાજ, રૈના, ધોની (કેપ્ટન), અશ્વિન, જાડેજા, મિશ્રા, ભુવનેશ્વર, એમ એન શર્મા

શ્રીલંકા ટીમ : પરેરા, દિલસાન, જયવર્ધને, સંગાકારા, થિરુમાને, મેથ્યુસ, પ્રસન્ના, કુરાશેખરા, સેનાનાયકે, હેરાર્ટ, માંલિગા

# સમાચાર ઝલક

- દિલ્હીમાં ચોરીના આરોપસર કેન્યા મૂળની મહિલાની ધરપકડ.
- અમિત શાહે ઉત્તરપ્રદેશ બિજનોરમાં માયાવતી અને તેમની પાર્ટી વિરૂદ્ધ વિવાદાસ્પદ નિવેનદ આપ્યું.
- અફઘાનિસ્તાનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઇ.
- વડોદરામાં કોંગ્રેસની રેલીમાં ચિરાગ ઝવેરીનાં ખિસ્સામાંથી ગઠીયો ૯૦ હજાર કાઢી ગયો.
- ભાજપનાં ફાયર બ્રાંડ મહિલા નેતા ઉમા ભારતીની તબિયત નાદુરસ્ત.
- અમેરિકાના મિનાસીટામાં ભારે બરફવર્ષાથી પુરની સ્થિતિ સર્જાઇ.
- પાકિસ્તાનમાં નવ માસના બાળકને પોલીસે કોર્ટમાં આરોપી બનાવ્યો, કોર્ટમાં બાળક અને પિતા હાજર રહ્યાં.
- ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી હવે આભૂષણોના માર્કેટમાં ઝંપલાવશે.
- ચૂંટણીના કારણે દારૂના બુટલેગરો અને અસામાજિક તત્વો ઉપર પોલીસની ભારે ભીસ.
- દક્ષિણ યુનાનમાં ૫ પોઇન્ટનો ભૂકંપનો આંચકો.
- ભાજપ, કોંગ્રેસ સહિતનાં રાજકીય પક્ષોના દિગ્ગજોએ ઉમેદવારી પત્રો ભર્યા.
- વલસાડમાં કેપિટલ ફેક્ટરીમાં ભીષણ આગ.
- ઇક્વાડોરમાં જવાળામુખી ફાટતાં ૭ કિલોમીટર સુધી લાવા અને રાખ ફેલાયા.
- જયપુરમાં આઇ.પી.એલ. મેચો સુરક્ષાનાં કારણોસર નહિ રમાય.
- બજારોમાં ઘઉંનો બંપર પુરવઠો આવતાં માર્કેટયાર્ડમાં વ્યવસ્થા ખોરવાઇ.
- મતદાનની જાગૃતિ માટે કેટલાક વેપારીઓ ખરીદીમાં છૂટછાટ જાહેર કરનાર છે.

# સીપીએમને મતનો મતલબ ભાજપને સહાયતા : રાહુલ

કાસરગોડ,તા.૫

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે કેરળમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. રાહુલે પોતાના ભાષણમાં મોટાભાગે સીપીએમ ઉપર જ પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, સીપીએમને મત આપવાનો મતલબ ભાજપને મદદ કરવાનો રહેશે. ગાંધીએ કેરળમાં મુખ્ય વિરોધપક્ષ સીપીએમની ઉગ્ર ટિકા કરી હતી અને કહ્યું હતું કે, સીપીએમની રાષ્ટ્રીય રાજકારણમાં કોઈપણ પ્રકારની ભૂમિકા નથી. આવી સ્થિતિમાં તેમને મત આપવાનો મતલબ ભાજપને મદદ કરવાનો રહેશે. ગાંધી હેલિકોપ્ટરમાં મેંગ્લોરથી કાસરગોડે આવી પહોંચ્યા હતા. તીવ્ર ગરમી હોવા છતાં કલાકો સુધી ૧૦ હજારથી વધુ લોકો તેમની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. મુખ્યમંત્રી ઓમાન ચંડી, રાજ્ય પક્ષના વડા સુધીરન અને ટી સિદ્દીકી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીએ ભાષણ દરમિયાન મોટાભાગે સીપીએમ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. રાહુલે કહ્યું હતું કે, રાજકારણમાં અને લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. સોસાયટીને આગળ લઈ જવા માટે સમૃદ્ધિ અને નિષ્પક્ષતા જરૂરી છે. ગાંધીએ ત્રણ વધુ બેઠકો પણ યોજી હતી. મોડેથી ગાંધી ત્રણ રેલીને સંબોધ્યા બાદ દિલ્હી પરત ફર્યા હતા. ગાંધીએ છેલ્લી બેઠક અટીનગલમાં યોજી હતી. કેરળમાં ૨૦ સભ્યોને ચૂંટી કાઢવા માટે ૧૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. કેરળમાં ચૂંટણીને લઈને કોંગ્રેસ અને સીપીએમ વચ્ચે મુખ્ય સ્પર્ધા થનાર છે. રાહુલ ગાંધી અંતિમ પ્રયાસોના ભાગરુપે મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસોમાં દેખાઈ રહ્યા છે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી આગામી દિવસોમાં પણ અનેક આક્રમક રેલીઓ યોજનાર છે.